**PRESS COVERAGE:**

**PUBLICATION NAME: AASPAS (GUJARATI DAILY)**
**CITY: JAMNAGAR**
**DATE: 18-06-2018**
**PAGE NO. 06**
**TOTAL SQ. CM. 288**
**TITLE:** ***Nayara Energy Limited distributes school and hygienic kits in 226 school***

---

# નયારા એનર્જી લિમિટેડ દ્વારા ૨૨૬ શાળાઓમાં દફતરની સાથે સ્વચ્છતા કીટનું વિતરણ

## ખંભાળીયા તાલુકાની ૨૧૨ અને લાલપુર તાલુકાની ૧૪ શાળાઓનાં ૩ હજાર વિદ્યાર્થીઓ બન્યા લાભાન્વિત



જામનગર તા.૧૮

નયારા એનર્જી લિમિટેડે રાજય સરકાર દ્વારા ઉજવાતા શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં સહભાગી બની ખંભાળીયા તાલુકાની ૨૧૨ અને લાલપુર તાલુકાની ૧૩ શાળાઓ મળી કુલ ૨૨૬ શાળાઓના ૩ હજાર વિદ્યાર્થીઓને સ્કુલ બેગ કીટની સાથે સ્વચ્છતા અંગે જાગૃતિ લાવવા માટે સ્વચ્છતા કીટનું વિતરણ કરી એક નવી પહેલ કરી હતી.

સામાજીક ઉતરદાયિત્વ નાતે રિફાઇનરી નજીકના ગામોમાં નયારા એનર્જી લિમિટેડ દ્વારા વિવિધ સેવાકીય પ્રવૃતિઓ કી રહી છે. દરમ્યાન રાજય સરકાર દ્વારા શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં નયારા એનર્જી લિમિટેડે દર વર્ષની માફક સહભાગી બની ત્રણ હજારથી વધુ વિદ્યાર્થીઓને ખુશખુશાલ કરી દીધા છે .ખંભાળીયા તાલુકાની ૨૧૨ અને લાલપુર તાલુકાની ૧૪ શાળાઓમાં કંપનીના અધિકારી તથા પર્યાવરણ શિક્ષણ કેન્દ્રના કર્મીઓએ રૂબરૂ જઇ વિદ્યાર્થીઓને સ્કુલ બેગ અને હાઇજીન કીટનું વિતરણ કર્યું હતું. સ્કુલ બેગ કીટીમાં સ્લેટ, સ્લેટપેન, બુક, વેકસ, ક્રેયન્સ કલર બુક, પાણીની બોટલ વગેરે વસ્તુઓ વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. આ વેળાએ તાલુકા વિકાસ અધિકારી, સરપંચ તેમજ અન્ય અધિકારીગણ ઉપસ્થિત રહ્યા હતા.

નયારા એનર્જી લિમિટેડે સ્કુલ બેગ કીટની સાથે વિદ્યાર્થીઓને હાઇજીન કીટનું વિતરણ કરી એક નવી પહેલ કરી છે. આ સ્વચ્છતા કીટમાં નેઇલ કટર, કાંસકો, ટુથબ્રશ, ટુથપેસ્ટ, ઉલીયું, હાથ રૂમાલ વગેરે વસ્તુઓ વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. કંપનીના સ્ટાફ દ્વારા બાળકોમા સ્વચ્છતા અંગે સમજણ નાનપણથી કેળવાય એ માટે સ્વચ્છતા કીટમાં રહેલી વસ્તુઓનો ઉપયોગ રોજ રોજ કઇ રીતે કરવો અને તેનાથી તંદુરસ્તી કઇ રીતે સચવાયેલી રહેશે તે અંગેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સ્કુલ બેગ અને હાઇજીન બેગ મળતા બાળકોના ચહેરા ખિલી ગયા હતા. કંપનીની આ પહેલને શાળાના આચાર્ય તથા શિક્ષકોએ આવકારી હતી.

નયારા એનર્જી લિમિટેડ રિફાઇનરી નજીકનાં ગામોમાં ગ્રામ શિક્ષા હેઠળ બાળકો શાળાઓમાં નિયમિત હાજર રહે, કન્યા કેળવણીના પ્રમાણમાં વધારો થાય, વિદ્યાર્થીઓમાં ઉચ્ચ શિક્ષણનું પ્રમાણ વધે, નાના બાળકોમાં ડ્રોપ આઉટનું પ્રમાણ ઘટે અને પ્રૌઢ શિક્ષિત થાય એ માટે કાર્ય કરવામાં આવી રહ્યું છે. જેને લોકો દ્વારા આવકારવામાં આવી રહ્યું છે.